મોબાઈલ૯૮૨૫૪૭૩૬૬૫



# આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

## આજનું પંચાંગ

| | |
|---|---|
| ઉદિત તિથિ | કૃષ્ણ પક્ષ પંચમી તારીખ ૬ નવેમ્બરના સવારે ૬:૩૬ સુધી, ત્યાર બાદ ષષ્ઠી |
| વાર | ગુરુ |
| નક્ષત્ર | આર્દ્રા તારીખ ૬ નવેમ્બર સવારે ૬:૪૫ સુધી, ત્યાર બાદ પુનર્વસુ |
| કરણ | કૌલવ સાંજે ૫:૫૯ સુધી, ત્યાર બાદ ૬ નવેમ્બરની સવારે ૬:૩૬ સુધી તૈતિલ, ત્યાર બાદ ગજ |
| યોગ | શિવ સવારે ૬:૫૭ સુધી, ત્યાર બાદ સિદ્ધ |
| આજની રાશિ | મિથુન |
| રાશિના અક્ષરો | ક. છ. ઘ. |

### આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

**મેષ (અ. લ. ઈ.)**
આજના દિવસે ઠોસ નિર્ણય લેવામાં તકલીફ પડી શકે. આપનો દિવસ બહુ સારો પણ નથી અને બહુ ખરાબ પણ નથી. આજે મહત્વની ઘટનાઓ ઘટવાની સંભાવનાઓ ઓછી રહેશે. આપને ધાર્યા પરિણામો ન મળે તો નિરાશ થશો નહીં. થોડા દિવસોમાં ગ્રહો ફરીથી આપની તરફેણમાં આવી જશે. આજે નાની મુસાફરી કે લોન્ગ ડ્રાઈવ પર જવાની શક્યતાઓ છે. ઉગ્રતા ટાળવી.

**વૃષભ (બ. વ. ઉ.)**
આજના દિવસે આર્થિક લાભ માટે આપ મહેનત કરશો. મોટાભાગના વિચારો ધન ઉપાર્જન, ધનની બચત અને ધનને લગતાં હશે. આપ એવું વિચારશો કે પરિવારની સેફટી અને સિક્યુરીટી માટે શું જરૂરી છે? જો નાણાકીય બાબતોમાં અટવાયેલા હોવ, તો તેમાં કોઈ રસ્તો મળી આવશે. આજના દિવસે વધુ પડતો ખર્ચ કરવાની બદલે બચત કરશો અથવા કરકસર કરશો.

**મિથુન (ક. છ. ઘ)**
આજના દિવસ દરમ્યાન ખુબ બધું કમ્યુનિકેશન થશે. ખૂબ બોલવાનું બનશે, વાતો કરવાની થશે. આપને આ બાબતનો થાક એટલે નહીં કાલે, કે બોલવું કે કમ્યુનિકેટ કરવું – આપના માટે ખાસ્સું સહજ છે. આજના દિવસે મહત્વના નિર્ણયો ન લેવાં, કેમ કે દ્વિધામાં વધારો થાય અને નિર્ણયશક્તિ નબળી પડે, તેવી શક્યતાઓ છે. જેટલા વિકલ્પો વધારે, તેટલું કન્ફયુઝન વધે. સરળતાને ખાતર વિકલ્પો ઘટાડો.

**કર્ક (ડ. હ.)**
આજે આર્થિક પાસું મજબૂત કરવા આપ ગમે તેટલો પ્રયાસ કરો, કોઈને કોઈ ખર્ચ આવી જવાથી, આપ હતા ત્યાં ને ત્યાં પહોંચી જશો. આજે આપનો પ્રયાસ યોગ્ય દિશામાં હશે તો પણ, આવનાર ખર્ચ ઉપર કોઈ કંટ્રોલ નહિ રહે. જો આપ લોકો સાથે જીભાજોડીમાં ઉતારશો તો આપનો સ્ટ્રેસ વધશે. શાંતિ રાખવી. વાણીવિલાસ કરવાથી વાણીનો વ્યય જ થવાનો છે. શા માટે માથાકૂટ કરવી?

**સિંહ (મ. ટ.)**
ધીરે ધીરે આપને મહેનતનું યોગ્ય વળતર મળવાની શક્યતા ઉભી થતી દેખાશે. આપને ખ્યાલ આવશે કે અત્યાર સુધી જે સંબધો વિકસાવ્યા કે જે નિષ્કામ સેવાઓ કરી – તે એળે નથી ગઈ. ભગવદ ગીતમાં કહ્યું છે ને : 'ન હિ કલ્યાણ કૃત કશ્ચીદ, દુર્ગતિમ તાત ગચ્છતિહ્ન કલ્યાણકારી કાર્યની દુર્ગતિ નથી થતી. આજે સારાં ફળ મેળવવા વધુ સારાં કામો આપ કરશો. અન્ય લોકોને મદદરૂપ થશો.

**કન્યા (પ. ઠ. ણ)**
જો આપ ધગશ જાળવી રાકશો અને આત્મવિશ્વાસ સાથે કામ કરશો, તો ખૂબ સારાં પરિણામો મળશે. બિઝનેસ પણ નિખરી ઉઠશે અને નોકરી કરતાં હશો, તો તેમાં પણ આપ કંઈક નવું કરી શકશો. બીજા લોકોને આપની સલાહની જરૂર પડશે. જે વ્યક્તિને આપ સલાહ આપો, તેની ટીકા ન કરતાં નહીં તો એ વ્યક્તિ આપનાથી દૂર થઈ જશે. તટસ્થ રહેવા પ્રયાસ કરજો.

**તુલા (ર. ત.)**
આપની રાશિ માટે આજનો દિવસ સારો એટલે છે કે ભાગ્ય આપનો સાથ આપી રહ્યું છે. જે કોઈ પણ કાર્ય કરવા ઈચ્છતાં હશો, તે પરિપૂર્ણતા તરફ આગળ વધશે. બીજા લોકોનું કિસ્મત પણ આપને સાથ આપશે, જે બાબત આપના ફાયદામાં રહેશે. આજે વડીલોની સલાહને ગંભીરતાપૂર્વક લેજો નહીંતો ભવિષ્યમાં પસ્તાશો. આજનો દિવસ શુભ હોવાથી, દિવસનો લાભ લેજો.

**વૃશ્ચિક (ન. ય.)**
આજે તબિયત અને મૂડ બંને સાચવવાના છે. બહુ મજા પડે એવો દિવસ નથી. જે ધાર્યું હોય એ ન થાય, અને ન ધાર્યું હોય તે થાય – એવું બને. આજના દિવસે બીજા લોકો આપની સાથે તાલમેલ જાળવીને કામ નહીં કરે. આપને એવું લાગશે કે જાણે બીજા લોકો આપને ચેલેન્જ આપી રહ્યાં છે. આજનો દિવસ ઘર્ષણ વગર પસાર કરવા કોશિશ કરજો.

**ધન (ભ. ફ. ધ. ઢ)**
આખો દિવસ આપનું ધ્યાન જીવનસાથી કે પ્રિય પાત્ર તરફ રહેશે. આપ 'એને શું ગમે છેહ્ન તે અંગે જ વિચારશો. આજે પબ્લિક રિલેશન્સમાં વધારો થવાની પૂરી શક્યતાઓ છે. જે લોકો મીડિયા સાથે સંકળાયેલા છે – તેમના માટે બહુ સારો દિવસ છે. જો કે, આજે કોઈની પણ સાથે દલીલબાજીમાં નહીં ઉતરવું, નાહકનો આપનો મૂડ ખરાબ થશે. ભેટ આપવા – લેવા માટે શુભ દિવસ છે.

**મકર (ખ. જ.)**
આપ બીજા લોકોની દ્રષ્ટીએ જવલ્લે જ વિચારો છો પણ આજે જો બીજા લોકોના પોઈન્ટ ઓફ વ્યુ થી વિચારશો તો ફાયદો થશે. આપનું રૂટિન ખાસું બિઝી રહેવાનું છે. કામકાજમાં વધારો થશે. આપ નોકરી કરતાં હોવ તો રિપોર્ટીંગ ઓથોરીટીને પૂછજો કે કયું કામ પ્રાયોરીટી પર છે? કેમ કે આજે કામની મહત્તા આપ નક્કી કરો તો ગરબડ થાય એવું છે. દિવસનો અંત થોડો કંટાળાજનક રહેશે.

**કુંભ (ગ. શ. સ.)**
આજે આપ ફરવાના મૂડમાં છો, કામ કરવાનો મૂડ નહીં હોય. મનોરંજન આપના માટે મહત્વનું પૂરવાર થાય. શેરબજારમાં પૈસા રોક્યા હોય તો લાભ થાય. આજના દિવસે આપનું ક્રિએટિવ બ્રેઈન ખાસ્સું એક્ટિવ છે એટલે આપ કોઈ રચનાત્મક કાર્ય કરશો. આજે પ્રિય પાત્ર પર પ્રેમ વરસાવશો અને એવો પ્રયાસ કરશો કે તેને ખુશ રાખી શકાય. ટૂંકમાં, દિવસ રોમેન્ટિક છે અને ક્યાં પસાર થઈ ગયો તે ખ્યાલ પણ નહીં આવે.

**મીન (દ. ચ. ઝ. થ)**
આજના દિવસે નોકરી કે બિઝનેસમાં આપનું ધ્યાન ઓછું રહેશે. આપ જ્યાં બેસીને કામ કરો છો, તે જગ્યાને કેમ વધુ સારી બનાવી શકાય તે અંગે વિચારશો. આપની ક્ષમતાઓનો સાચો ઉપયોગ કરશો. મહત્વના નિર્ણયોમાં બહુ જ દુવિધા થશે. જો કોઈ આપને પ્રપોઝ કરશે તો 'હા' પાડવી કે 'નાહ્ન એ પણ નક્કી નહીં કરી શકો. આજે એ અંગે જવાબ આપવાનું ટાળજો.

### વધુ ૧૩ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. અર્બન વિસ્તારમાંથી ૩ કેસ મળ્યા છે. અર્બનમાં ૬૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૩૫ વર્ષીય ખાનગી નોકરી કરતા યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આ ઉપરાંત ૫૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. માણસામાં અર્બન વિસ્તારમાંથી ૪૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કર્મયોગીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. કલોલમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં આરસોડિયા ગામેથી ૫૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અર્બન-૨ વિસ્તારમાંથી ૪૮ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૪૨૦ દર્દીઓ કોરોના મુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૧૩૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.

# રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૯૭૫ કેસ

## છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૨૨ને ડિસ્ચાર્જ કરાયા : રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૨૬૨૧૨૨ ટેસ્ટ કરાયા તેમજ ૧૬૦૪૭૦ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર, તા.૪

રાજ્યમાં કોરોનાની સ્થિતિમાં દિવસે દિવસે સુધારો થતો હોય તેવું દેખાઈ રહ્યું છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૦૦૦ ને નીચે પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા છે. આજે રાજ્યમાં નવા ૯૭૫ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૦૨૨ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૬૦૪૭૦ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૦.૮૬ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૧૫૭૨ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૯૩.૪૨ પ્રતિ મિલિયન થાય છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૨૬૨૧૨૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૦૩૯૨૭ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૦૩૮૧૪ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૧૩ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૯૦.૮૬ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨૩૯૮ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર ઉપર ૬૪ છે. જ્યારે ૧૨૩૩૪ લોકો સ્ટેબલ છે. ૧૬૦૪૭૦ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૭૪૦ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૬ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૩, સુરત કોર્પોરેશન ૨, વડોદરા કોર્પોરેશન ૧ સહિત કુલ ૬ દર્દીઓનાં કોરોના વાયરસના કારણે મોત નિપજ્યાં છે.

# "નેત્રમ"ની મદદથી હુમલા અને લૂંટના આરોપીઓ ઝડપાયા

## મોડાસા જિલ્લા સેવાસદન નજીક પશુપાલકને માર મારી લૂંટી લેવાયો

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ૩ કરોડના ખર્ચે સીસીટીવી લગાવી નેત્રમ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં



આવ્યો છે. જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જાળવવા સહીત લૂંટ, હીટ એન્ડ રનની ઘટના, ચોરી સહિતના ગુનાઓનો ભેદ ઉકેલવામાં નેત્રમ કેમેરા પોલીસને ઉપયોગી સાબિત થઈ રહ્યા છે. એકંદરે પોલીસનો 'વિશ્વાસ' નેત્રમને સથવારે જળવાઈ રહ્યો છે. નેત્રમની મદદથી જીલ્લા સેવાસદન નજીક પશુપાલક સાથે રિક્ષામાં પહોંચેલા ૫ શખ્સોએ કરેલ લૂંટ વીથ મારામારીના ગુન્હાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી. ટાઉન પોલીસે ૫ હુમલાખોર આરોપીમાંથી ૪ આરોપીઓને દબોચી લેવામાં સફળ મળી હતી, નેત્રમ પ્રોજેકટના પીએસઆઈ એચ.એમ. ગઢવી અને તેમની ટીમે ભારે જાહેમત ઉઠાવી હતી.

મોડાસા શહેરમાં શામળાજી રોડ પર આવેલ જીલ્લા સેવાસદન કચેરી પાછળ જંગલમાં બાજકોટ ગામના હિતેષભાઈ માલાભાઈ ભરવાડ નામનો પશુપાલક પશુઓ ચરાવી ઘર તરફ પરત ફરી રહ્યો હતો ત્યારે જીલ્લા સેવાસદન કચેરી આગળ રિક્ષામાં આવેલા ૫ શખ્સોએ ગડદાપાટુનો માર મારી ૧.૪૭ લાખની સોનાની ત્રણ તોલાની ચેનની લૂંટ કરી રફુચક્કર થતા ભારે ચકચાર મચી હતી. લૂંટનો ભોગ બનેલ પશુપાલકે ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. નેત્રમની તીસરી આંખમાં રીક્ષા અને હુમલાખોરો કેદ થતા ટાઉન પોલીસે પશુપાલક પર હુમલો કરી લૂંટ કરનાર મોહંમદસઈદ હુસેન અબ્દુલહક કારીગર, જાહીદહુસેન ઈશ્નિયાર હુસેન જમાદાર, સલીમ ઉર્ફ નેની ઈબ્રાહિમ ભટ્ટી અને મહેશ બસુભાઈ ખોખર (તમામ રહે. મોડાસા)ની ધરપકડ કરી અન્ય એક ફરાર આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ખેડબ્રહ્મા તાલુકાની ગોતા કંપા સેવા સહકારી મંડળીના સેક્રેટરી લૂંટાયા : ૧.૧૦ લાખની ચોરી

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્મા તાલુકાની ગોતા કંપા સેવા સહકારી મંડળીના સેક્રેટરી જગદીશભાઈ પટેલ ડિવિડંડની રકમ લેવા માટે સોમવાર બપોરે ૨.૩૦ વાગે પોતાનું બાઈક નંબર જીજે-૯-આર-૬૮૨૯નું લઈ ખેડબ્રહ્મા સાબરકાંઠા બેંકમાં આવેલ જગદીશભાઈએ પોતાના પાસેના ૫૦ હજાર રૂપિયાના છૂટા કરાવેલ અને મંડળીના એકાઉન્ટમાંથી ૬૦ હજાર ઉપાડી કુલ ૧,૧૦,૦૦૦ની રકમ પર્સમાં મૂકી તે પર્સ થેલીમાં મૂકી બાઈકના હુકમાં ભરવી બાઈક ચાલુ કરતાં હતા ત્યારે બાઈક ચાલુ થતી ના હતી, જેથી જગદીશભાઈ બાઈકના હૂક ઉપર નજર જતાં પૈસા ભરેલી થેલી નઝર ના આવતા જગદીશભાઈએ આજુબાજુ



તપાસ કરી હતી પણ થેલી ના મલતા બેંકમાં જઈ મેનેજરને વાત કરતા તેમણે સીસીટીવી જોતાં જગદીશભાઈ બાઈક ચાલુ કરતાં હતા ત્યારે એક નાનું બાળક રૂપિયાવાળી થેલી કાઢી લઈ જતું દેખાતું હતું. જેથી જગદીશભાઈને ચોરી થયા હોવાનું માલુમ પડતાં તમને અજાણ્યા બાળક વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજ લઈ તપાસ હાથ ધરી હતી.

# અરવલ્લી જિલ્લાની ૧૮૧ અભયમ ટીમે મહિલાને મોતના મુખમાંથી બચાવી

મોડાસા, તા. ૪

મંગળવારની રાત્રે ૧૦.૩૦ વાગ્યે એક અજાણ છોકરીનો ફોન આવેલો કે તેને મારી નાખવાનું ષડયંત્ર રચ્યું છે અને જીવ બચાવવા ઘરેથી ભાગીને કેનાલ




પાસેના જંગલમાં સંતાઈને ફોન કર્યો છે. મદદ માટે તો ૧૮૧ અભયમ ટીમની કાઉન્સલર ચેતના ચૌધરી, પોલીસ કોન્સ્ટેબલ પિન્ટુબેન તાત્કાલિક બહેનની મદદ માટે દોડી ગયા.

માલપુરના વાંકાનેડા ગામમાં જઈ બહુ પુછપરછ બાદ બહેન સુધી પહોંચ્યાં બહેન એવી જગ્યાએ છૂપાયેલા હોઈ રાત્રેનો સમય હોવાથી અહીં સુધી પહોંચવું મુશ્કેલ હતું પરંતુ અભયમ ટીમ જીવના જોખમે બહેનને શોધી લેવામાં સફળતા મેળવી તાત્કાલિક બહેનને સ્થળ પરથી રેસ્ક્યુ કરવામાં આવેલ. બહેનનો કાઉન્સિલિંગ કરતા જાણવા મળેલું કે એમની ઉંમર ૨૭ વર્ષ છે તેમને તેમના જ સમાજનો છોકરો ગમતો હોઈ તેની સાથે લગ્ન કરવા માટે વાત કરેલ તો કુટુંબના સભ્યો સહમત હતા પરંતુ તેના માતા-પિતાને પૈસા લેવાની લાલચ હોય એ જગ્યાએ લગ્ન કરવા માટે રાજી નહોતા. ત્રણ દિવસ પહેલા ગામના સરપંચને વાત કરેલી કે ઘરે મા-બાપને લગ્ન માટે સમજાવે સરપંચ દ્વારા પણ ઘરનાને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ પરંતુ ઉશ્કેરાયેલા પિતાએ છોકરીને જ મારી નાંખવાનું ષડયંત્ર રચ્યું.

આ વાતની જાણ છોકરીને થતા તે પોતાનો જીવ બચાવવા માટે ઘરેથી ભાગી નીકળી આ છોકરી જે બારમા ધોરણમાં ૭૮ ટકા સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની પણ તૈયારી કરતી હતી જે ઘરને નહોતું ગમતું પૈસાની લાલચમાં મજૂરી કામ કરાવીને લગ્ન પણ કરવા તૈયાર નહોતા.

૧૮૧ અભયમ ટીમ દ્વારા બહેનને તાત્કાલીક ધોરણે સ્થળ પરથી માલપુર પોલીસ સ્ટેશનમાં નિવેદન લઈ પોલીસ કાર્યવાહી પૂરી કરીને બહેનને આશ્રય માટે આશ્રયગૃહ મોડાસા ખાતે રાખવામાં આવેલ. આ બહેન દ્વારા ૧૮૧ અભયમ ટીમનો આભાર વ્યક્ત કરતાં જણાવેલું કે કદાચ સમયસર ટીમ ના પહોંચી હોત તો આજે મારા જીવનનો છેલ્લો દિવસ હોત એમ પણ જણાવ્યુ હતુ.

# મતદારયાદી સુધારણા કાર્યક્રમ જાહેર ૨૨ નવેમ્બરથી કામગીરીનો પ્રારંભ થશે

હિંમતનગર, તા.૪

સમગ્રગુજરાતમાં દિવાળી બાદ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવાની શક્યતાને ધ્યાનમાં લઈને રાજ્ય ચૂંટણીપંચ ધ્વારા તે અગાઉ મતદારયાદી સુધારણા કાર્યક્રમ યોજવાનો નિર્ણય કર્યો છે ત્યારે આગામી તા.૨૨ નવેમ્બરથી તેનો પ્રારંભ થશે અને તા.૧૩ ડીસેમ્બર સુધી દરેક મતદાન મથકે બુથ લેવલ અધિકારીનો સંપર્ક કરી મતદારયાદીના જરૂરી સુધારા વધારા કરાવી શકાશે.

આ અંગે જિલ્લા ચૂંટણી શાખામાંથી મળતી માહિતી મુજબ દિવાળી બાદ સાબરકાંઠા જિલ્લમાં આવેલી આઠ તાલુકા પંચાયત, એક જિલ્લા પંચાયત અને બે નગરપાલિકાઓની મુદત પૂર્ણ થતી હોવાથી ત્યાં ચૂંટણી યોજવી જરૂરી છે. પરંતુ કોરોના મહામારીને લઈને રાજ્ય સરકારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ત્રણ મહિના મોકુફ રાખવાની જાહેરાત કરી હતી. જેથી તરત જ ચૂંટણીલક્ષી તમામ કામગીરી અટકાવી દેવામાં આવી હતી. દરમિયાન ગત સોમવારે રાજ્ય સરકારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજવાની શક્યતાને ધ્યાનમાં રાખીને તે અગાઉ મતદારયાદી સુધારણા કાર્યક્રમ જાહેર કર્યો છે.

જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં તમામ મતદાન મથકો પર તા.૨૨૨ નવેમ્બર, ૨૯ નવેમ્બર, ૬ ડીસેમ્બર અને ૧૩ ડીસેમ્બર દરમિયાન મતદાર યાદીમાં નામ ધરાવતા મતદારો જો તેમના નામમાં કે સ્થળ બદલવા માગતા હશે તો નિયમ મુજબની કામગીરી કરીને ફેરફાર કરાવી શકશે. મતદારયાદી સુધારણા કાર્યક્રમમાં નક્કી કરાયેલ તમામ તારીખોએ રવિવાર આવતો હોવાથી તમામ લોકોને અનુકુળતા રહેશે. ચૂંટણી શાખાના જણાવાયા મુજબ મતદાર યાદીમાં નામ નોધાવવા માટે ફોર્મ નં.૬, નામ કમી કરાવવા માટે ફોર્મ નં.૪ સુધારા માટે ફોર્મ નં.૮ અને સ્થળ બદલાવવા માટે ફોર્મ નં.૮ ક ભરવાનું રહેશે. ત્યારબાદ જિલ્લાની આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી હાથ ધરાશે જોકે તેના માટે કોઈપણ મતદારના વાંધા સુચનો હશે તો પણ તે ધ્યાનમાં લેવાશે.

### ૧૭ને ડિસ્ચાર્જ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યો છે. સે. ૧ માં રહેતા અને અમદાવાદ ખાતે એડવોકેટ તરીકે પ્રેક્ટીસ કરતા ૫૬ વર્ષીય એડવોકેટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. સે. ૨૭ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૨૨માં આયુર્વેદ અધિકારી તરીકે ફરજો બજાવતી ૫૫ વર્ષીય કર્મયોગીની તેમજ ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં હાલ ૧૩૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે.

### ટેસ્ટીંગ વધારવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા પંચાયતના પ્રમુખે લખેલા આ પત્ર પર આગામી દિવસોમાં ઉચ્ચસ્તરીય બેઠક જિલ્લામાં કેસોની સમીક્ષા માટે મળશે તેમાં નિર્ણય લેવામાં આવશે તેમ જાણવા મળેલ છે. જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૫ હજારને પાર કરી ગઈ છે તેથી હવે તમામ લોકો સક્રિય બન્યા છે અને ટેસ્ટીંગ વધારવા માટેની રજુઆતો કરી રહ્યા છે. જિલ્લામાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન થયાની શંકાઓ લોકોમાં વધુ ને વધુ દૃઢ થઈ રહી છે.

### કુતરાના ત્રાસમાંથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થાનિકો કરી રહ્યા છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં રખડતા કુતરા અને ઢોરના ત્રાસના લીધે માર્ગ સલામતી તો જોખમાઈ છે. જેની સાથે રહીશોના વાહનો પણ સલામત રહ્યા નથી. બે દિવસ અગાઉ સે-૩ સી માં પણ તોફાને ચઢેલા આખલાએ ત્રણ કારને નુકશાન કર્યુ હતુ. સે- ૩ ન્યુ સહીત સે-૩ સીમાં રખડતા ઢોરને પાંજરે પુરવા રહીશો દ્વારા ઉચ્ચ કક્ષાએ આવેદન પત્ર પણ સુપ્રત કરવામાં આવશે.

### સામાન્ય સભા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ખાસ સામાન્ય સભા હોવાથી પ્રશ્નોત્તરી થશે નહિ પરંતુ નાણાંકીય કામકાજ મહત્વનું છે. જો કે કોંગ્રેસ પક્ષ પણ તેની આગવી અને અલગથી વ્યુહરચના તૈયાર કરી રહેલ હોવાનું જાણવા મળેલ છે.

રિનોવેશન માટે જે રકમ ફાળવવામાં આવી હતી આ મુદ્દે સરકારે જ લાદેલા પ્રતિબંધને ધ્યાને લઈ આ રકમ સ્વભંડોળમાં પરત લેવા પર ચર્ચાઓ કરાશે તેવી પણ શક્યતાના સંકેતો મળી રહ્યા છે.

### 'નો એન્ટ્રી'... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સીબીઆઈ તપાસ પર મંગળવારે બે મહિના માટે મનાઈ ફરમાવી દીધી હતી. જસ્ટિસ વી.જી. અરુણે કેરળ સરકારની અરજી પર તપાસ પર બે મહિના સુધી રોક લગાવવાને મંજૂરી આપી દીધી હતી. સરકારે સીબીઆઈ તરફથી દાખલ કરવામાં આવેલા પ્રાથમિક રિપોર્ટને રદ કરવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. જોકે, કોર્ટે કેન્દ્રીય તપાસ એજન્સી મામલામાં એક ખાનગી કંપની વિરુદ્ધ તપાસ ચાલુ રાખવાની છૂટ આપી છે.

### એંધાણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્રમ્પે અમેરિકાના નાગરિકોનો બહોળા સમર્થન બદલ આભાર માન્યો હતો. લાખો લોકોએ આ લોકશાહીના પર્વમાં ભાગ લીધો. અમે ભવ્ય ઉજવણી માટેની તૈયારી કરી રહ્યા હતા. તમામ સ્થળે અમારો વિજય થવાનો હતો તેમ ટ્રમ્પે જણાવ્યું હતું. જો કે વિપક્ષ દ્વારા સામ, દામ, દંડ ભેદ બધું જ અપનાવાયું છતા મહત્વના રાજ્યોમાં અમારો વિજય નિશ્ચિત જણાય છે. જો કે હવે અમે આ બાબતે કોર્ટના દરવાજા ખટખટાવીશું તેમ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું. દરમિયાનમાં અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીનું પરિણામ જાહેર થવાને હજુ વાર છે, અને જાણકારોનું માનીએ તો આ ઈંતેજાર લંબાઈ શકે છે. જોકે, ટ્રમ્પે તો અત્યારથી જ પોતે ઉજવણીની તૈયારીઓ શરુ કરી દીધી છે તેવો દાવો કરી લીધો છે. ત્યારે સવાલ એ થાય કે અમેરિકાના સમય પ્રમાણે ટ્રમ્પે રાત્રે ૨ વાગ્યે કરેલો આ દાવો કેટલો સાચો છે? હજુ સુધી અમેરિકામાં કોઈ મીડિયા હાઉસે ટ્રમ્પને કે બિડેનને વિજેતા જાહેર નથી કર્યા. જે રાજ્યોમાં કાંટાની ટક્કર ચાલી રહી છે ત્યાં પણ હજુય લાખો બેલેટ્સ ગણવાના બાકી છે.

જોકે, આ બધા વચ્ચે ટ્રમ્પે કોઈ વિગતવાર કારણ આપ્યા વિના જ પોતાની જીત જાહેર કરીને તમામ પ્રકારની મત ગણતરી અટકાવવામાં આવે તેવી માગ સાથે સુપ્રીમ કોર્ટમાં જવાની વાત કરી હતી. અમેરિકન કાયદા અનુસાર, કોઈપણ ચૂંટાયેલો નેતા મત ગણતરી રોકવાનો આદેશ આપી શકે નહીં. એક તરફ ટ્રમ્પ મત ગણતરી અટકાવવાની વાત કરી રહ્યા હતા, અને બીજી તરફ એરિઝોનામાં પોતાની સ્થિતિ મજબૂત બની રહી હોવાનો દાવો કરી રહ્યા હતા. ટ્રમ્પ જીતના દાવા કરી રહ્યા છે, તો બીજી તરફ તેમના હરિફ બિડેને પોતાના સમર્થકોને ધીરજ રાખવાની અપીલ કરી છે. બિડેને કહ્યું હતું કે આ ચૂંટણી કોણ જીતી રહ્યું છે તે હું કે ટ્રમ્પ હાલના તબક્કે ના કહી શકીએ. આ નિર્ણય અમેરિકાની પ્રજાનો છે, અને હું તેના પરિણામ અંગે આશાવાદી છું.

ટ્રમ્પ મત ગણતરી અટકાવવા ટ્રમ્પે સુપ્રીમ કોર્ટમાં જવાની વાત કરી તો બિડેનના પ્રવક્તાઓ તરફથી પણ તુરંત જ પ્રતિક્રિયા આવી હતી કે જો ટ્રમ્પ આમ કરશે, તો અમારી લીગલ ટીમ પણ તેમનો મુકાબલો કરવા માટે તૈયાર છે. અમેરિકામાં આ વખતની ચૂંટણીમાં વોટિંગ પણ ખૂબ જ વધારે થયું છે. ૨૦૧૬માં ૧૩૯ મિલિયન વોટ્સ પડ્યા હતા જે એક રેકોર્ડ હતો. જોકે, આ વખતે અમેરિકામાં મતદાનની ટકાવારી સૌથી વધુ રહે તેવું અનુમાન છે. તેમાંય મતદાનના દિવસ પહેલા જ ૧૦૦ મિલિયન મત પડી જવા એક રેકોર્ડ છે. ડેમોક્રેટ્સને એ વાતનો પણ ડર છે કે કેટલાક કેસમાં સુપ્રીમ કોર્ટમાં હવે કન્ઝર્વેટિવ જજ બહુમતીમાં છે. જેનાથી ટ્રમ્પ ઈચ્છે છે તેમ મત ગણતરીમાં નિયંત્રણ આવી શકે છે.

### ભીષણ આગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને લોકો સ્થળ છોડીને દોડવા લાગ્યા હતા. આ બ્લાસ્ટ એટલો ભયંકર હતો કે, ગોડાઉનના પત્થરો ચારેતરફ ઉડીને પડ્યા હતા. સમગ્ર વિસ્તારમા પત્થરો ઉડ્યા હતા. તો અન્ય ગોડાઉનની છતના પોપડા પણ ઉખડી ગયા હતા. તો સામેના ગોડાઉનની પાણીની ટાંકી પણ તૂટી પડી હતી. આ ગોડાઉન બટાભાઈ ભરવાડ નામના શખ્સનું હોવાનું સામે આવ્યું છે, તેણે આ ગોડાઉન ભાડે આપ્યું હોવાનું કહેવાય છે. આગને પગલે ફાયર વિભાગ તાત્કાલિક દોડતુ થયું હતું. ફાયર વિભાગ દ્વારા કાટમાળમાં ફસાયેલા મજૂરોને બહાર કાઢવામા આવ્યા હતા. ફસાયેલા ૯ લોકોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. તમામને સારવાર માટે એલજી હોસ્પિટલમા ખસેડાયા હતા. જેમાં ૯ લોકોના મોત નિપજ્યા છે. મૃતકોમાં નજમુનિયા શેખ, રાગિણી ક્રિશ્યન અને જેક્વેલિન ક્રિશ્ચયન હોવાનું સામે આવ્યુ છે. આ મૃતકો કોણ છે તે હજી જાણવા મળ્યું નથી. આગમાં કેટલાક લોકો ફસાયાની માહિતી સાંપડી રહી છે. પ્રાથમિક સ્તરે માહિતી મળ્યા બાદ ફાયર બ્રિગેડની ૬ ગાડીઓ ઘટનાસ્થળે રવાના થઈ કરાઈ હતી. પરંતુ ધીમેધીમે ઘટનાએ વિકરાળ સ્વરૂપ લેતા ફાયર બ્રિગેડના ૪૦ જવાન રેસ્ક્યુ માટે બોલાવવામાં આવ્યા હતા. હાલ આગ પર કાબૂ મેળવવાની કામગીરી ચાલી રહી છે. આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે અમદાવાદમાં પીરાણા પાસે ગણેશનગરમાં આવેલા કાપડના ગોડાઉનમાં લાગેલી આગથી ૧૧ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. પીરાણા પાસે નાનુકાકા એસ્ટેટમાં ગોડાઉનમાં આગ લાગી છે. સ્થાનિક લોકો દ્વારા આ ઘટનાની મળતી માહિતી મળતા ફાયર બ્રિગેડના ૪૦ જવાન રેસ્ક્યુમાં જોડાયા છે. આ ઘટનામાં એક બ્લાસ્ટ થતા ફેક્ટરીની છત ધરાશાયી થઈ હતી.